# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

દેખાય દાંત હાથીનાં, ભીતરથી બોખાં હોય છે,
હોય છે લીંપેલા બધાં બહારથી ચોખાં હોય છે
દેખાય અનોખા, ભીંતરથી હોય છે નોખાં નેતા -
ને અબજોપતિઓ સાથે જ લેખાં-જોખાં હોય છે
(ઉડી ઉષ્મા, સુષ્મા પરતંત્ર 'સ્વરાજ'નાં)

## હાઈકુ

વિચારી લેજો!!
પાપ કરો કે પૂણ્ય -
થશે 'અધિક'
(પુરુષોત્તમ માસ શરૂ)

'ગ્રામ-સભાઓ'
નાટક મંડળીની -
ભવાઇ શરૂ..
(રૂઢિગત ક્રિયાકાંડ)

## ચિંતન

**કા પ્રીતિઃ સહ માર્જા રૈઃ કા પ્રીતિ રવનીયતો ।**
**ગણિકા મિશ્ચ કા પ્રીતિઃ કા પ્રિતી ભિક્ષુકૈઃ સહ ॥**

બિલાડી જે આંખો મીંચીને દૂધ પીએ છે અર્થાત તેના પાલક-પોષકને પણ જોતી નથી ઓળખતી નથી. એની સાથે પ્રીતિ બાંધવાનો શું અર્થ?

રાજા સ્વાર્થી હોય છે જેની સાથે જે કામ કઢાવવાનું હોય એટલીવાર એનું શોષણ કરી લે છે પછી એને ઓળખતો નથી સંબંધ રાખતો નથી તું કોણ! હું કોણ - એટલે રાજા સાથે પ્રીતિ રાખવાનો શું અર્થ?

ગણિકા-વૈશ્યાને પોતાના 'ગ્રાહક'ના 'પૈસા' સાથે જ પ્રેમ હોય છે બાકી ગ્રાહક સાથે એને કોઇ પણ જાતનો મતલબ હોતો નથી. આવી વૈશ્યા સાથે પ્રેમસંબંધ બાંધવાનો શું અર્થ?

.. અને યાચક-ભિક્ષુકની નજર પણ શેઠ-માલિક પોતાને શું-કેટલું આપે છે એના પર જ હોય છે અને માલિક સાથેની મૈત્રી કે વફાદારી સાથે કોઇ પણ જાતનો સંબંધ હોતો નથી આમ યાચક - ભિક્ષુક સાથે પણ સંબંધ બાંધવાનો કોઇ અર્થ નથી.

## સુવિચાર

- સિદ્ધાંત, નિષ્ઠા સાથે સચ્ચાઇ એટલે સુનિશ્ચિત સફળતા - **જ્ઞાનસૂત્ર**
- દયા, સદાચારમાં સઘળું તત્ત્વજ્ઞાન સમાઇ જાય છે - **હેડગેવાર**
- 'ધર્મ' એટલે શબ્દથી જાણવું.. અને 'મર્મ' એટલે જ્ઞાનથી જાણવું. - **પૂજ્ય મોટા**
- માણસને ખોરાક પર જે ખર્ચ થાય છે તે તો એ લઇને જ આવ્યો છે... પરંતુ મોજશોખનો ખર્ચ એ લઇને નથી આવ્યો - **રજનીશ**
- સુખ રોફથી ભોગવો છે.. તો દુઃખ પણ રોફથી ભોગવવું પડશે - **મલેશિયન કહેવત**
- 'ડેવલપ્ડ' માણસો નિર્ભયતાથી સીધા રહે.. અને 'અનડેવલપ્ડ' માણસો ભયના માર્યા સીધા રહે - **સુરેશ દલાલ**
- જેની કાળજી રાખીએ છીએ તે જોડે આવવાનું નથી.. અને જે જોડે આવવાનું છે એની કાળજી રાખવી નથી - **દાદા ભગવાન**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

ઇશ્વર તો દરેક બાળકને તંદુરસ્ત શરીર સાથે જ જન્મ આપે છે અને જયાં સુધી માતાના દૂધ પર નિર્ભર હોય ત્યાં સુધી તંદુરસ્તી આરોગ્ય સચવાય છે પછી 'ફીગર' ની ચિંતા વાળી માતાઓ બાળકના પેટમાં ગમે તેવાં દૂધ અને પોષણયુક્ત નામ જે તે ઠાંસવાની શરુઆત કરે છે અને બાળકની દશા બગડે છે બસ પછી આળશુ માતાઓ ફૂરસદ મેળવવા બાળકને પૈસા દઇ 'બહાર' નું જ જમાડે આપણે પણ અવાર-નવાર પાર્ટીઓમાં જઇ પેટને 'પટારો' બનાવી નાખીએ છીએ.. જનમથી કોઇ કાંઇ ખરાબ નથી.

બાન્ઝેન જાપાનના સંત હતા.

બજારની શાકમાર્કેટમાંથી પસાર થતા હતા. ગ્રાહક ફળ વેચનારા સાથે કંઇક રકઝક કરતો હતો. તમે ખરાબ અને સડેલા માલ પકડાવી ધો પછી દૂરથી અમે પાછો આપવા પણ કયાંથી આવીએ?

શાકવાળાએ કહ્યું - બહેન! હું પણ જથ્થાબંધ માર્કેટમાંથી ચોખ્ખો અને વીણેલો જ માલ લાવું છું દરરોજ તાજાં અને સારાં ફળો જ ખરીદું છું મારે પણ મારા ગ્રાહક સાચવવાની ચિંતા હોય ને - એટલે માલ તો સારો જ હોય છે પણ ગ્રાહકો એક-બે દિવસ ઘરમાં ગમે તેમ રાખે સાચવે નહીં - પછી બગડે છે. હું તો શ્રેષ્ઠ માલ જ રાખું છું!

બ્રાન્ઝેનને રસ્તામાં જતાં જતાં સત્ય મળ્યું. ઇશ્વર તો બધાને નિષ્પાપ જન્મ જ આપે છે આપણે જાતને સાચવી નથી શકતા..

Email - sureshchandrabhatt18@gmail.com

# મહિલાઓની રોજની તકરાર..!! અમારે હજી કેટલાં કામ પડ્યાં છે...!!

## પેલો 'રેંચો' અમસ્તો જ કૂદી કૂદી બરાડ્યા રાખે છે 'ઓલ ઇઝ વેલ' એ 'ઇડિયટ' શું જાણે આ સંસાર ચલાવતાં અહીં નીકળી જાય છે તેલ

'શંકર-એહસાન-લૉય' લાઈવ કન્સર્ટનો કાર્યક્રમ જોવા તૈયાર થઈ રહેલી નેહલે એમના પતિને બુમ પાડી, 'જરા, વૉટરબૅગ ભરો, નાસ્તાની બેગ તૈયાર કરો, આમ સોફા પર લંબાવીને ટીવી મચેડશો તો કાર્યક્રમમાં પહોંચવા મોડું થઈ જશે, જરા થોડાં કામમાં મદદ તો કરો.' નેહલની વાત સાચી હતી મહિલાઓની આંખ ખૂલે ત્યાંથી તો રાત્રે આંખ મિંચાય ત્યાં સુધી ઢગલાબંધ કામોની યાદી તૈયાર જ હોય છે...

કયારેક પુરુષના મગજમાંય આવે છે કે ન્હાવાલા બેસીએ ત્યારે એમના ધોયેલાં અંડરવેયર અને ટૉવેલ વ્યવસ્થિત ઘડી વાળેલાં ત્યાં કેવી રીતે હાજર હોય છે? હાથરૂમાલ-મોજા, ઘડિયાળ બધું ઠેકાણે મળે છે. બુટ એનાં ખાનામાં પહોંચે છે. બાળકોની સ્કૂલબેગ, વૉટર બોટલ કે લંચપેક સમયસર મળે છે... થાળીમાં પીરસાતાં શાક-રોટલી બનાવતાં પહેલાં કેટલી પ્રોસેસ થાય છે? છાપા પસ્તીમાં જાય, બેડશીટ વ્યવસ્થિત લગાડેલી હોય. વાસણ એની જગ્યાએ ગોઠવાય. ઘરમાં રખડતી બધી જ વસ્તુઓ કોઈ જાદુઈ છડી ફેરવે એમ પોતેપોતાની જગ્યાએ ગોઠવાય... આ બધું જ ઘરની સ્ત્રી કરતી હોય છે...






ઘરની સ્ત્રીને કામનું જેટલું ટેન્શન વધુ એટલી એ વહેલી નંખાઈ જાય છે. બપોરનું પડખું ફેરવતાં પહેલાં કે સવારે આંખ ખૂલતાં પહેલાં એમની પાસે પેન્ડિંગ કામોની મોટી યાદી તૈયાર જ હોય છે. બધાં જ કામો ફટાફટ પતાવવની લ્હાયમાં એ થાકી જાય છે... એનું હાર્ડલક તો જુઓ એકવાર કામને પતાવ્યા બાદ પણ નવાં કામો આપોઆપ ઊભા થઈ જાય છે, એ જેટલી થાક્તી જાય છે, એટલી જ એના કામોને ઝડપથી પતાવવાની ડિમાન્ડ પણ વધતી જ જાય છે, સ્ત્રીના મગજમાં 'અમારે હજી ઘણાં કામ પડ્યાં છે' વાક્ય સદા-સર્વદા ફરતું જ હોય છે!!

સતત ટેન્શનને કારણે માણસ જલદી થાકી જાય છે, એમાંય જો ઈમરજન્સી ક્રિએટ થાય, સમયસર જ બધું નિશ્ચિત કરવાનું દબાણ ઊભું થાય તો મુસીબત વધતી જાય છે. ટેન્શન સહન કરવાની શક્તિ સ્ત્રી અને પુરુષમાં અલગ અલગ હોય છે. બંનેનું શરીર અને લાગણી-ભાવનાને જો સમજવામાં આવે તો સ્ત્રીને ખબર પડશે કે ટેન્શન એને જ કેમ આવે છે? ઘરમાં જાળાં પડ્યાં હોય કે હૉલમાં કચરો, પિત્તળના ભગવાન કાળાં પડ્યાં હોય કે નાસ્તાના ડબ્બા ખાલી થયાં હોય, ઉનાળામાં છુંદા-અથાળા-અનાજ ભરવાના હોય કે સામાજિક પ્રસંગની ખરીદી હોય, આ બધું જ સ્ત્રીને સહજ યાદ આવે છે, દેખાય છે અને એટલે પુરું કરવાનું ટેન્શન આવે છે...

સ્ત્રી જયારે એકાદો ખાસ પ્રોજેક્ટ હાથ પર લે છે ત્યારે એનાં શરીરમાં ઓક્સિટોસિન નામનું રસાયણ નિર્માણ થાય છે અને એનું ટેન્શન ઓછું કરી કામ કરવામાં પ્રેરક બને છે, એનો થાક ગાયબ કરી દે છે, એનો ઉત્સાહ અકબંધ રાખે છે... લગ્નપ્રસંગ જ યાદ કરોને, સવારે પાંચ વાગે ઊઠીને કામે લાગેલી સ્ત્રી વિવિધ તૈયારી કરી, શણગાર કરી, ગરબા ગાઈ, બધાંને આગ્રહથી પીરસી, વહેવાર સાચવી, રાત્રે ૧૧ વાગે આવેલી ગિફ્ટને જોવાનો મોહ પણ જતો કરી શકતી નથી, કેટલો ઉત્સાહ, કેટલી ઉર્જા... અને આ બધી જવાબદારી પાર પાડ્યાનો આનંદ પણ ખરો... કોઈ પણ પ્રસંગે એની જોડે કામ ન પતનારી એક લાંબી યાદી હોય છે, પણ એ એનાથી ડરતી પણ નથી, અને આ બધાં પાછળ પેલું ઓક્સિટોસિન નામનું જાદુઈ રસાયણ કામ કરતું હોય છે...

પહેલાની સ્ત્રીઓ આઠ-દસ બાળકોને આરામથી સાચવી શકતી. એમાંય પાછો એમનાં પતિઓને જરાય સપોર્ટ નહોતો. પણ તેમ છતાંય કયારેય નિસાસા નાંખતી નહોતી. કારણ ત્યારની જીવનશૈલી પણ અલગ હતી. એમનો આહાર-વિહાર એવો હતો કે એમનામાં તાણ જરાય નિર્માણ થતો નહોતો. વધુ જવાબદારી છતાં ઓછું ટેન્શન હતું. એ સ્ત્રીઓ આજની જેમ કોર્પોરેટ કલ્ચરમાં ફરતી નહોતી. આજની સ્ત્રીઓમાં પૂર્વેની સ્ત્રીઓની તૂલનામાં ટેસ્ટોસ્ટેરોન એ પુરુષ રાસાયણની નિર્મિતી વધુ થાય છે, અને એટલે આજની સ્ત્રી આપણને પુરુષ સમોવડી લાગે છે...

પુરુષના શરીરની રચના જ એવી છે કે એ દિવસ દરમિયાન જેટલું ટેન્શન લે છે એના પ્રમાણમાં એનું મગજ ખાલી થતું જાય છે. પુરુષ એક જ જગ્યાએ કંઈ પણ ન કરતાં, કોઈ વાત-વસ્તુનો વિચાર કર્યા વગર, નવરો કેવી રીતે બેસી શકે છે? એ સ્ત્રી સમજશક્તિની બહારની વાત છે. પુરુષોને માત્ર એક કેન્દ્ર બિંદુની જરુર હોય છે. એ જો ટીવી જોશે તો માત્ર ટીવી જ જોશે, મોબાઈલમાં ઘુસશે તો બીજું કંઈ નહીં કરે, છાપું વાંચશે તો એ દરમિયાન એની પત્નીએ આપેલી એકેય સૂચના એના કાને નહીં પડી હોય... એ માત્ર હા મા હા મિલાવશે બાકી કરશે કશુંય નહીં!!

સ્ત્રીને બાળક હોય કે ન હોય, પણ જગતનિયંતાએ એના શરીરની રચના સહનશીલતા માટે જ કરી હોય એવું બધું નિર્વિવાદપણે સ્વીકારશે. સ્ત્રીઓની સહનશક્તિ પુરુષો કરતાં ડબલ હોય છે. પુરુષોના સ્નાયુની તાકાત સ્ત્રીઓ કરતાં ૩૦ ટકા વધુ હોવા છતાં, પેલો સહનશક્તિને લીધે તે તેઓ પુરુષો કરતાં ચડિયાતી સાબિત થાય છે... કોઈ પણ વર્કિંગ વુમનને તમે જુઓ, નોકરીની સાથોસાથ ઘરનાં જ બધાં જ કામો ફટાફટ અને શિસ્તબદ્ધ રીતે કરે છે. ગૃહિણીઓ તો ૨૪ કલાકની નોનસ્ટોપ સર્વિસ ફેમિલીને આપે છે, અને છતાંય એવું કહેવાય છે કે આ તો કશું નથી કરતી, ગૃહિણી છે. ત્યારે જરા આશ્ચર્ય જ થાય છે!

વૈજ્ઞાનિક રીતે વાત કરીએ તો પુરુષ કરતાં સ્ત્રીઓના શરીરમાં ૨૫-૩૦ ટકા ચરબીનું પ્રમાણ વધુ હોય છે, અને છતાંય ઘરમાં કામ ન કરવાની બાબતમાં પુરુષો વધુ 'ચરબી' કરતાં હોય છે. ઘણાં વીરપુરુષો ટીવીનું રીમોટ, પાણીનો ગ્લાસ, પોતાનાં કપડાં કે ઓફિસ બેગ, શાકભાજીની થેલી ઉંચકવામાં પણ ઘરની સ્ત્રીનો સહારો લેતો જોવામાં આવે છે. ઘરનાં પુરુષોએ કામ નહીં કરવું એવો વારસો હિન્દુસ્તાની કલ્ચરમાં આવેલો છે, અને ઘર કરી ગયો છે... શહેરમાં આવીને સ્થાયી થયેલા યુવાનો જો કે હવે પત્નીને કામમાં મદદ કરતાં થયા છે, પણ સંપૂર્ણ કામમાંથી મુક્તિ હજી કોઈ સ્ત્રીને મળી ગઈ હોય એવું દેખાતું નથી.

આપણી આજુબાજુ રહેતી ઉચ્ચ શિક્ષિત મહિલાઓ જોશો તો પણ નવાઈ લાગશે કે, ડૉકટર થયેલી ધીકતી પ્રેક્ટિસ કરતી લેડી ડૉકટર પણ સાડી કે ડ્રેસ પર એપ્રોન ચઢાવી રોટલી વણવા લાગે છે. ઘરઘાટી રજા પર ઉતરી જાય તો પદ-પ્રતિષ્ઠાને બાજુમાં મુકી સાવરણી લઈને સ્વચ્છતા આરંભી દે છે. પોતાના બાળકો પતિની ઈચ્છાઓ પુરી કરવા પોતાની ઈચ્છાઓ પર પૂર્ણવિરામ મુકી દે છે. આટઆટલાં કામો કર્યા બાદ પણ એ સૌથી છેલ્લી જમવા બેસે છે. જમવાનું ઓછું પડ્યાની ફરિયાદ કોઈ ગૃહિણી કરતી હોય એવું દેખાય છે? શાક પર તરતું તેલ અને ચટાકેદાર રસો પતિ-બાળકોની થાળીમાં પીરસાઈ જાય અને સ્ત્રીના નસીબમાં તો પાણીવાળુ કસ વગરનું શાક જ આવે... અને છતાંય કયારેય એ વાતનો વસવતો વ્યક્ત ન કરે...

ગૃહિણીઓને તો અગણિત કામની યાદી હોય જ છે. પણ સર્વિસ કરતી કે પ્રેક્ટિસ કરતી સ્ત્રીઓને પોતાના કામની સાથોસાથ ઘરના કામની એટલી જ ચિંતા-ટેન્શન હોય છે. એક રવિવારની રજા આવે એમાં અઠવાડિયામાં ન થઈ શકેલા કામો એનો પીછો છોડતા નથી. નવાઈની વાત તો એ છે કે પુરુષોને કે ઘરમાં વયસ્ક બાળકોને આ બધા કામો ધ્યાને પણ આવતાં નથી. એટલે એને કરવાનો સવાલ જ કયાંથી ઉદ્ભવે? આઈ.આઈ.એમ. ભલે મેનેજમેન્ટની ડિગ્રી આપતાં હોય પણ એક પરિવારની સ્ત્રી જેવું મેનેજમેન્ટ કદાચ કોઈ એટલી સરળતાથી નહીં કરી શકે...

**ચૂંટલો :**

**ઘર પરિવારની મહિલાઓની રોજની તકરાર હોય છે કે તમને શું ખબર પડે, અમારે કેટલાં કામ હોય છે? બે-ચાર દિવસ પત્ની પિયર ચાલી જાય તો ઘરને ઉકરડામાં ફેરવાતાં વાર નથી લાગતી. સ્ત્રી છે તો ઘર છે અને ઘરની વ્યવસ્થા છે, એટલે કામોની તકરાર કરી કકળાટ કરે તો બહુ માઠું નહીં લગાડવાનું.**

# રીક્ષાવાળાની પ્રામાણિકતાથી એ ચકિત થઈ ગયો, રસ્તામાં ગુસ્સામાં કહેવાયેલી બધી વાતો તેને યાદ આવી ગઈ, કામચોર, નક્કામો, હલકટ માણસ એવા એવા કોણ જાણે કેટલાંય વિશેષણોથી તેણે રીક્ષાવાળાને નવાજ્યો હતો, પણ એ રીક્ષાવાળાએ પૈસા પાછા આપીને તેને જ નબળો સાબિત કરી દીધો

## નવાં કલેવર

- નટવર હેડાઉ

'આપણા નસીબમાં તો આવા જ માણસો લખેલા છે.' વિનુએ પોતાની પાસે બેઠેલ તેની પત્ની રીટાને ગુસ્સામાં કહ્યું.

'સારું હવે, ધીમે ધીમે પહોંચી જઇશું.' રીટાએ વાતને વાળી લેવાની કોશિશ કરી.

'પણ.... આવું મારી સાથે જ કેમ થાય છે?' વિનુનો ગુસ્સો ઓથો થતો ન હતો.

વિનુ રીક્ષામાં પાછળ ખશીને આરામથી બેસી તો ગયો પણ પોતાના ગુસ્સા પર કાબુ રાખી શકતો ન હતો. વિનુની સાથે આવું પહેલીવાર થયું ન હતું. અવારનવાર તેની સાથે આમ જ થતું હતું. જયારે કે રીક્ષામાં બેસે ત્યારે રીક્ષા ધીમી ચાલવાના કારણે તે બેચેન થઇ જતો અને અકળાઇ ઉઠતો. કયારેક કોઇ રીક્ષાવાળો કાચબાની ગતિએ ચલાવતો અથવા રીક્ષા બંધ પડી જતી. ધીમે ધીમે ચાલતી રીક્ષાને કારણે તે રાતોપીળો થતો હતો. દર વખતે તે મનમાં નક્કી કરતો કે હવે કયારેક રીક્ષામાં બેસવું જ નથી. પણ ફરી પોતાની વાત ભૂલીને એ રીક્ષામાં બેસી જતો હતો. શહેર નાનકડું હતું અને તેમાં કયારેક પાર્કીંગની સમસ્યા તો કયારેક ભીડભાડ ને કારણે તેને રીક્ષામાં બેસવું જ પડતું!

વિનુ અને રીટા શહેરમાં ભરાતા મેળા કે ઉત્સવમાં જવાના શોખીન હતા. તેમનો એકનો એક દીકરો અંકિત તો ઘરમાં બેસી ટી.વી. જોયા કરતો અને આ બંને પતિપત્ની શહેરમાં ફરવા નીકળીચ પડતા. આજ બંને સર્કસ જોવા જતાં હતા. સર્કસ શહેરની બહારના વિસ્તારમાં બહુ દૂર ખાલી મેદાનમાં આવ્યું હતું. તેને ખબર હતી કે પાર્કીંગ સ્ટેન્ડ પર ખુબ ભીડ રહે છે. અને ત્યાં મોટર સાઇકલ મુકવી, ટોકન લેવું અને પાછા ચાલીને સર્કસના સ્થળ સુધી જવામાં ઘણો સમય બગડે છે. તેથી તેણે રીક્ષામાં જ જવાનું નક્કી કર્યું.

રીક્ષામાં એ બેસી તો ગયા પણ દર વખતની જેમ રીક્ષા ધીમે ધીમે ચાલતી હોવાથી તેને ગુસ્સો આવતો હતો. તેના કારણે તેનો ધૂંધવાટ વધતો હતો.

'બે કલાકે તો પહોંચી જ જઇશું ને?' તેને ખબર હતી કે ધીમે ધીમે પણ વધુમાં વધુ વીસ મિનિટમાં પહોંચી જઇશું છતાં રીક્ષાવાળા પર ચિડાઇને રીક્ષાવાળાને ચીડવવા તે આમ બોલ્યા.

'સાહેબ, ચલાવું તો છું.' રીક્ષાવાળાએ જવાબ આપ્યો.

'ના, હું એમ પુછું છું કે આ ઝડપે ચાલતાં બે કલાકે તો પહોંચી જઇશું ને' વિનુએ વ્યંગ કર્યો.

'ઘડપણમાં રીક્ષા આમ જ ચાલે' રીક્ષાવાળાએ ચાલારીથી ધીમે રહીને કહ્યું.

'કોઇએ જબરજસ્તી કહ્યું તું, કોઇ નોતરું આપવા આવેલું કે રીક્ષા ચલાવ?'વિનુ ગુસ્સે થઇ બોલ્યો.

'સારું તો તમે બીજી રીક્ષામાં જતા રો'સાહેબ' હવે રીક્ષાવાળો દુઃખી દુઃકી થઇ ગયો. તેણે રીક્ષાને બ્રેક મારી ઊભી રાખી દીધી.

'અરે! શું કામ વાતનું વેતસર કરો છો. ભાઇ રીક્ષા ચાલુ કરો' રીટા એ રીક્ષાવાળાને સમજાવ્યો એટલે તે રીક્ષા ચાલુ કરી ફરી ચલાવવા લાગ્યો. વિનુ આખે રસ્તે બબડતો રહ્યો. સરકસનો રાતનો છેલ્લો શો ચાલુ થવાનો હતો. તેઓ વીસ મિનીટમાં સરકસ હતું ત્યાં પહોંચી ગયાં.

રીક્ષાવાળાને દસ દરની ત્રણ નોટો પકડાવી એ બંને લગભગ ભાગતાં હોય તેમ ઝડપથી ચાલતાં સર્કસના તંબુ નજીક પહોંચી ગયા. વિનુ આગળ વધીને ટિકીટ બારી પાસે પહોંચી ગયો. ટીકીટ બારી પર લાઇન હતી. તેની આગળ બે-ત્રણ માણસો ઊભેલાં હતા. તે ફરી અકળાયો. તેવામાં પાછળથી રીક્ષાવાળાનો અવાજ સાંભળી ચોંકી ગયો.

'અરે! આ અભાગીયો ફરી આવી ગયો. જરાક નોટ ફાટેલી હશે એટલે બદલવા આવી ગયો છે.' વિનુ રીટાને કહેવા લાગ્યો.

રીક્ષાવાળો નજીક આવ્યો. તેણે કહ્યું 'સાહેબ નોટ જોઇને આપતા હોય તો?'

'તારા માટે નવી છપાવીને લાવું?'

'નવી લાવો કે ન લાવો સાહેબ પણ નોટ જુઓ તો ખરા.' મેં ત્રીસ રૂપિયા માંગેલા ને તમે પાંચસોની ત્રણ નોટો મને આપી છે. રીક્ષાવાળાએ નોટો પાછી આપતાં કહ્યું.

'અરે! આ શું થયું?' વિનુએ સંકોચ થયો. તે સમજી ગયો કે અંધારામાં અને ઉતાવળમાં તેણે રીક્ષાવાળાને પાંચસોની ત્રણ નોટો આપી દીધી હતી.

રીક્ષાવાળાની પ્રામાણિકતાથી એ ચકિત થઇ ગયો. રસ્તામાં ગુસ્સામાં કહેવાયેલી બધી વાતો તેને યાદ આવી ગઇ. કામચોર, નક્કામો, હલકટ માણસ એવા એવા કોણ જાણે કેટલાંય વિશેષણોથી તેણે રીક્ષાવાળાને નવાજ્યો હતો. પણ એ રીક્ષાવાળાએ પૈસા પાછા આપીને તેને જ નબળો સાબિત કરી દીધો.

'ભુલ થઇ ગઇ બાપુ' તેણે રીક્ષાવાળા પાસેથી પાંચસોની ત્રણ નોટો પાછી લઇ દશ દશની ત્રણ નોટો આપી દીધી. વિનુ ફરી ટીકીટ બારીની લાઇનમાં જઇને ઊભો રહી ગયો. પણ હવે તેને સમજાઇ ગયું હતું કે નક્કામો અને નબળો માણસ કોણ છે.

# પ્રેમનો સ્વીકાર અથવા અનાદર

## પ્રેમના સ્વીકાર યા અનાદરથી જરા જુદી ફિલિંગ્સ્ એટલે વધારે પડતો પ્રેમ, વધારે પડતો પ્રેમ કદાચ પ્રેમને જ ગુંગળાવી નાખે અથવા મુરઝાવી નાખે છે


## ગુલમહોર

- દિનેશ દેસાઇ

મહાન હિન્દી સાહિત્યકાર મુનશી પ્રેમચંદજી (૧૮૮૦-૧૯૩૬)એ લખ્યું છે કે જયારે કોઈ વ્યક્તિ પોતાના પ્રેમનો એકરાર કરે છે, ત્યારે એ તો હળવોફૂલ થઈ જાય છે. હવે સામી વ્યક્તિએ પ્રેમનો સ્વીકાર અથવા અનાદર કરવાનો વારો હોય છે.

પ્રેમ માત્ર વ્યક્ત કરવાથી થઈ ગયો એવું નથી. પ્રેમનો સ્વીકાર પણ થવો જોઈએ. પ્રેમનો અનાદર થવો એ પણ સંજોગોને આધીન બાબત છે. પ્રેમનો અનાદર થાય ત્યારે કોઈ નકારાત્મક ભાવનાઓને તાબે થવું જોઈએ નહીં. લેખક પ્રેમચંદજી પોતાના જીવનનો મોટો ભાગ ગંગા ઘાટે એટલે કે વારાણસીમાં જ રહ્યા. તેમની કૃતિઓ પરથી હિન્દી ફિલ્મો પણ બની છે.

એક નાનકડી પણ હૃદયસ્પર્શી કથા છે. એક યુવકને પોતાની કોલેજમાં ભણતી યુવતી ગમવા માંડી. તે એની આગળપાછળ રહેવા પ્રયાસ કરે અને ક્યારેક વાતચીત કરવાનો પણ પ્રયત્ન કરે. પરંતુ યુવતીનું તેની તરફ કોઈ રીતે ધ્યાન જતું નહીં. આવું વારંવાર બનવા લાગ્યું એટલે પેલી યુવતીએ પણ ધ્યાનમાં લીધું કે આ યુવાન કોઈકને કોઈક હરકત તો કરે જ છે. એક દિવસ યુવાને પોતાના એકતરફી પ્રેમને યુવતી સમક્ષ વ્યક્ત કરી જ દીધો.



જો કે યુવતીના તો મનમાં પણ ક્યાંય એવી ફિલિંગ્સ નહોતી. આથી તેણે પેલા યુવાનને સાફ શબ્દોમાં તેના પ્રેમના અસ્વીકારનો પ્રત્યુત્તર આપી દીધો. યુવતી તો આ બધું એક સહજ અને સામાન્ય ઘટના તરીકે ભુલી ગઈ. પરંતુ બીજી તરફ પેલા યુવાનનું કોલેજના ભણતરમાં કોઈ જ ધ્યાન લાગતું નહોતું. તેને દિવસરાત એ યુવતીના જ વિચારો આવ્યા કરતા, જેને પોતે એકતરફી પ્રેમ કરવા લાગ્યો હતો. તેના દોસ્તો પણ તેને તેના આ બદલાયેલા વ્યવહાર વિશે સતત કહેતા રહેતા હતા.

આવી પરિસ્થિતિમાં આગળ જતા એવું જ બન્યું, જેવું હંમેશા બનતું આવે છે. યુવાનનું ભણવામાં ધ્યાન લાગતું નહોતું. આમ થવાથી તેની પરીક્ષામાં પણ તે નિષ્ફળ રહ્યો. તેની કારકિર્દી સામે પ્રશ્નાર્થચિન્હ પણ લાગી ગયું. બીજી તરફ યુવાન જે યુવતીને એકતરફી રીતે ચાહતો હતો તેણે તો પોતાનો અભ્યાસ પૂરો કરી લીધો અને તેનાં લગ્ન પણ થઈ ગયાં.

પ્રેમના સ્વીકાર યા અનાદરથી જરા જુદી ફિલિંગ્સ્ એટલે વધારે પડતો પ્રેમ. વધારે પડતો પ્રેમ કદાચ પ્રેમને જ ગુંગળાવી નાખે અથવા મુરઝાવી નાખે છે. પ્રેમીજન ચાહે લગ્ન થયાં હોય કે લગ્ન બાકી હોય તેમ છતા પણ જો પોતાના પ્રિય પાત્રને જરુર પૂરતી સ્પેસ ન આપે તો પણ વધારે પડતો પ્રેમ એકમેકને મુંઝવી મૂકે છે. તમે ક્યાં છો?, આપણે ક્યારે મળીશું?, તમે તો મને વોટ્સએપ મેસેજ કર્યા જ નહીં?, તમે તો મારા મેસેજ રીડ કર્યા જ નહીં?, તમે મારા મેસેજનો રિપ્લાય કેમ આટલો મોડો આપ્યો?, તમે તો મને ફિલ્મ જોવા લઈ જ ના ગયા?, તમે તો મારી સાથે ફિલ્મ જોવા આવ્યા જ નહીં? વગેરે ઢગલાબંધ સવાલો અને જવાબોના માયાજાળ અને ગોટાળાઓમાં એકબીજાનો માનસિક રીતે પીછો કરવો યા વ્યક્તિના વ્યક્તિત્વના એકાન્તને પણ ડિસ્ટર્બ કરવું એ બાબત આજે સામાન્ય બનેલી જોવા મળે છે.

પ્રેમમાં પણ હંમેશા યા સતત ચોવીસ કલાક સાથે રહેવાનું ન હોય. થોડા સમય માટે દરેક વ્યક્તિને એકાન્ત માણવાનું પણ મન હોય યા કોઈક કામસર કે નોકરીધંધાના કામે બેમાંથી એક વ્યક્તિને થોડા કલાકો માટે કે થોડા દિવસ માટે અલગ રહેવાનું થાય એવું બની શકે છે. આમ છતા જયારે પ્રેમીજન તેની પ્રિય વ્યક્તિને સતત વિંટળાઈને રહેવાનો આગ્રહ કરે કે જીદ કરે ત્યારે વાત ક્યારેક વણસી જતી હોય છે. પ્રેમમાં પણ એકબીજાને માનસન્માન અને આદર આપવો મહત્વની વાત છે, એ જ પ્રમાણે પ્રેમસંબંધમાં એકબીજાને સ્પેસ પણ આપવી જોઈએ.

સ્ટોપર :

પ્રેમ પારેવા જેવો છે. હાથમાં પકડો પણ જરા સાચવીને. જો વધુ જોરથી પકડો તો મરી જાય હળવેથી પકડો તો ઊડી જાય.